પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૫૧ | ૨૩ નવેમ્બર, ૨૦૨૨, બુધવાર; કારતક વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# આસામ-મેઘાલય સરહદ પર હિંસા

## ફાયરિંગમાં છના મોત : મેઘાલય સરકારે સ્થિતિને ધ્યાનમાં રાખતા સાત જિલ્લામાં ઈન્ટરનેટ સેવા બંધ કરી દીધી છે

ગુવાહાટી, તા.૨૨

આસામ-મેઘાલય સરહદ પર મંગળવાર એ સવારે ફાયરિંગની ઘટના બાદ ભડકેલી હિંસામાં છ લોકોના મોત થયા છે. પોલીસે યુવતીની તસ્કરી રહેલા એક ટ્રકને રોક્યો હતો, ત્યારબાદ ઘર્ષણ થયું અને એક ફોરેસ્ટ ગાર્ડ સહિત છ લોકોના મોત થયા છે. આ ઘટના બાદ મેઘાલય સરકારે આગામી ૪૮ કલાક માટે ૭ જિલ્લામાં મોબાઈલ ઈન્ટરનેટ સેવા બંધ કરી દીધી છે.



મેઘાલયના વેસ્ટ જૈંતિયા હિલ્સ, ઈસ્ટ જૈંતિયા હિલ્સ, ઈસ્ટ ખાસી હિલ્સ, રી-ભોઈ, ઈસ્ટર્ન વેસ્ટ ખાસી હિલ્સ, વેસ્ટ ખાસી હિલ્સ અને સાઉથ વેસ્ટ ખાસી હિલ્સમાં ઈન્ટરનેટ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું છે. મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ સંગમાએ કહ્યુ કે ઘટનામાં મેઘાલયના પાંચ અને આસામના એક વન રક્ષક સહિત કુલ છ લોકોના મોત થયા છે. ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા છે.

કોનરાગ સંગમાએ કહ્યુ કે મેઘાલય પોલીસ તરફથી એફઆઈઆર નોંધી તપાસ કરવામાં આવી. તેમણે કહ્યું કે ઘટનાની મેજિસ્ટ્રિયલ તપાસ શરૂ

● અનુસંધાન પાન-૭ પર

# પીએમ મોદીને જાનથી મારી નાખવાની ધમકી

## મુંબઈ ટ્રાફિક પોલીસના વોટ્સએપ પર મેસેજ આવ્યો : સેન્ટ્રલ એજન્સી સહીત તમામ સુરક્ષા એજન્સીઓ સતર્ક થઇ ગઈ છે, જેમાં ધમકીના ઓડિયો મેસેજ મોકલનારે દાઉદ ઈબ્રાહીમના બે ગુંડાઓના નામ પણ આપ્યા છે

મુંબઈ, તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અવારનવાર જાનથી મારી નાખવાની ધમકીઓ મળતી હોય છે. જો.કે ગુજરાતમાં ચાલી રહેલી વિધાનસભા ચૂંટણીની વચ્ચે પીએમ મોદીને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. જેને લઈ સેન્ટ્રલ એજન્સી સહીત તમામ સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. જેમાં ધમકીના ઓડિયો મેસેજ મોકલનારે દાઉદ ઈબ્રાહીમના બે ગુંડાઓના નામ પણ આપ્યા છે. જેમને પીએમ મોદીની હત્યાની જવાબદારી સોંપવામાં આવી છે.



મુંબઈ ટ્રાફિક પોલીસના વોટ્સએપ નંબર પર એક ઓડિયો મેસેજ આવ્યો છે. આ ઓડિયો મેસેજમાં કહેવામાં આવ્યું છે કે દાઉદ ઈબ્રાહિમની ડી કંપનીના બે શૂટર્સને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મારવાની જવાબદારી સોંપવામાં આવી છે. આ ધમકી ભર્યો ઓડિયો મેસેજ કોઈ અજાણ્યા વ્યક્તિએ મોકલ્યો છે. ધમકીના ઓડિયો મેસેજ મોકલનારે દાઉદ ઈબ્રાહીમના બે ગુંડાઓના નામ પણ આપ્યા છે. જેમને પીએમ મોદીની હત્યાની જવાબદારી સોંપવામાં આવી છે. તેમના નામ મુસ્તફા અહેમદ અને નવાઝ છે. પરંતુ ઓડિયો મેસેજ મોકલનારે તેનું નામ આપ્યું નથી. ઓડિયો ક્લીપ હિંદીમાં છે. પીએમ મોદીને જાનથી મારી નાખવાની ધમકી મળ્યાના આ સમાચાર બાદ મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચની ટીમ સહીત સેન્ટ્રલ એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ઈન્ડીયાએ ન્યૂઝિલેંડ વિરૂદ્ધ સીરીઝ ૧-૦થી જીતી

## પ્રથમ મેચ વરસાદના કારણે ટી-૨૦ મેચ રદ થઇ ગઇ હતી જ્યારે ભારતે બીજી મેચમાં ૬૫ રનથી બાજી મારી : વિચિત્ર રીતે ટાઇ થઇ ત્રીજી મેચ : ભારતીય ટીમને ખુશ થવાની તક મળી

નેપિયર, તા.૨૨

ટી-૨૦ વર્લ્ડકપની સેમીફાઈનલમાં હાર્યા બાદ ભારતીય ટીમને ખુશ થવાની તક મળી છે. ટીમ ઈન્ડીયાએ ન્યૂઝિલેંડ વિરૂદ્ધ આ સીરીઝ ૧-૦ થી પોતાના નામે કરી લીધી. ખરાબ હવામાનના લીધે મંગળવારે ત્રીજી અને અંતિમ મેચ અધવચ્ચે અટકાવવી પડી. જ્યારે સમયમર્યાદામાં મેચ શરૂ થઈ શકી નહી તો ડકવર્થ લુઈસના આધાર પર સ્કોર બરાબર થતાં મેચ ટાઈ થઈ ગઈ. આ પ્રકારે ભારતે ૧-૦ થી આ સીરીઝ પોતાના નામે કરી. વરસાદના કારણે ટી-૨૦ મેચ રદ થઈ ગઈ હતી જ્યારે ભારતે બીજી મેચમાં ૬૫ રનથી બાજી મારી હતી.

મેચ તે સમયે રોકવામાં આવી, જ્યારે ૧૬૧ રનના ટાર્ગેટનો પીછો કરતાં મહેમાન ટીમે ચાર વિકેટ પર ૭૫ રન બનાવી લીધા હતા. દીપક હુડ્ડા નવ અને હાર્દિક પંડ્યા ૩૦ રન બનાવીને ક્રીઝ પર હતા. ભારતને જીત માટે ૬૬ બોલમાં ૮૬ રનની જરૂર હતી. ભારતીય ટીમ મુશ્કેલીમાં લાગી રહી હતી. પરંતુ ત્યારે વરસાદ થઈ ગયો. તે પહેલાં મેચ વરસાદના કારણે મોડા શરૂ થઈ હતી અને ટોસ પણ મોડા થયો હતો.

ફાસ્ટ બોલર અર્શદીપ સિંહ અને મોહમંદ સિરાઝની ચાર ચાર વિકેટના લીધે ભારતે ન્યૂઝિલેંડને ૧૯.૪ ઓવરમાં ૧૬૦ રનના સ્કોર પર સમેટી દીધી હતી. ટોસ જીતીને બેટીંગ કરવા ઉતરેલી ન્યૂઝીલેંડ માટે ડેવોન કોનવે (૪૯ બોલમાં ૫૯ રન) અને ગ્લેન ફિલિપ્સ (૩૩ બોલમાં ૫૪ રન) એ ફીફ્ટી ફટકારી હતી. આ બંનેને ત્રીજી વિકેટ માટે ૮૬ રનની ભાગીદારી ભજવી, પરંતુ ત્યારબાદ મેજબાન ટીમે ફક્ત ૩૦ રનની અંદર પોતાની આઠ વિકેટ ગુમાવી દીધી.

# ભારત-ઓસ્ટ્રેલિયા આર્થિક સહયોગ અને વ્યાપાર કરારને ઓસ્ટ્રેલિયાની સંસદની મંજુરી

## ભારતની સાથે મુક્ત વ્યાપાર કરારને મંજૂરી આપ્યા બાદ કસ્ટમ ડ્યુટી સહિત ઘણા ફાયદા મળશે



કેનબરા, તા.૨૨

ઓસ્ટ્રેલિયાની સંસદે મંગળવાર ભારતની સાથે મુક્ત વ્યાપાર કરાર ને મંજૂરી આપી છે. હવે બંને દેશ આપસી સહમતિથી નિર્ણય કરશે કે આ કરાર કઈ તારીખથી લાગૂ થશે.

ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થની અલ્બનીજે એક ટ્વીટમાં આ જાણકારી આપી છે. તેમણે લખ્યું- 'મોટા સમાચાર: ભારતની સાથે અમારી મુક્ત વ્યાપાર કરાર સંસદમાંથી પાસ થઈ ગયો છે.' ભારત-ઓસ્ટ્રેલિયા આર્થિક સહયોગ અને વ્યાપાર કરાર ને લાગૂ કરતા પહેલા ઓસ્ટ્રેલિયન સંસદની મંજૂરીની જરૂર હતી. ભારતમાં આ પ્રકારના કરારને કેન્દ્રીય મંત્રીમંડળ મંજૂરી આપે છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયુષ ગોયલે એક ટ્વીટમાં કહ્યું, 'ખુશી છે કે ભારત-ઓસ્ટ્રેલિયા આર્થિક સહયોગ અને વેપાર કરારને ઓસ્ટ્રેલિયાની સંસદે મંજૂરી આપી દીધી છે.' તેમણે આગળ લખ્યું- આપણી ગાઠ મિત્રતાને કારણે, આ આપણા માટે વ્યાપાર સંબંધોને પૂરી ક્ષમતા સાથે આગળ વધારવા અને મોટા પાયા પર આર્થિક વૃદ્ધિને ગતિ આપવા માટે મંચ તૈયાર કરે છે.

# રોજગાર મેળા હેઠળ ૭૧ હજારને નિમણૂંક પત્રો અપાયા

## યુવાઓને સરકારી નોકરીની ભેટ : ભારત પાસે આર્થિક ક્ષમતા પ્રદર્શિત કરવા માટે અને નવી તકોને પ્રોત્સાહન આપવા માટે સોનેરી તક છે




અમદાવાદ, તા.૨૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મંગળવારે રોજગાર મેળા હેઠળ ૭૧ હજાર યુવાઓને અપોઈન્ટમેન્ટ લેટર આપ્યા. પીએમ મોદી કાર્યક્રમમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સામેલ થયા. કાર્યક્રમમાં અનેક કેન્દ્રીય મંત્રીઓ અલગ અલગ રાજ્યોથી જોડાયા હતા. ગુજરાત અને હિમાચલને બાદ કરતા આ પ્રોગ્રામ સમગ્ર દેશના ૪૫ શહેરોમાં થયો. પીએમ મોદીએ કહ્યું કે મહામારી અને યુદ્ધ વચ્ચે દુનિયાભરના યુવાઓ સામે નવી તકોનું સંકટ છે. આવા સમયમાં ઈકોનોમિસ્ટ અને એક્સપર્ટ્સ કહે છે કે ભારત પાસે આર્થિક ક્ષમતા પ્રદર્શિત કરવા માટે અને નવી તકોને પ્રોત્સાહન આપવા માટે સોનેરી તક છે. ભારત આજે સર્વિસ એક્સપોર્ટના મામલે વિશ્વની એક મોટી શક્તિ બની ગયું છે. હવે એક્સપર્ટ ભરોસો જતાવી રહ્યા છે કે ભારત વિશ્વનું મેન્યુફેક્ચરિંગ પાવર હાઉસ પણ બનશે. આ સાથે જ પ્રધાનમંત્રી કર્મયોગી પ્રારંભ મોડ્યુઅલ પણ શરૂ કરવામાં આવ્યું. આ મોડ્યુલ હેઠળ સરકારી વિભાગોમાં તમામ નવી નિયુક્તિઓ

● અનુસંધાન પાન-૭ પર

# ગૂગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટ કરી શકે છે ૧૦,૦૦૦ કર્મચારીઓની છટણી

## ગૂગલે નવી ભરતી બંધ કરી : અમેરિકામાં એક બાદ એક ટેક કંપનીઓ ગ્લોબલ આર્થિક સંકટને ધ્યાનમાં રાખી કર્મચારીઓની છટણી કરી રહી છે

નવી દિલ્હી, તા.૨૨

ગૂગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટ (Alphabª) પોતાના ૧૦,૦૦૦ કર્મચારીઓની છટણી કરવા જઈ રહી છે. મેટા, એમેઝોન (Amazon), ટ્વિટર (Twiiter), અને સેલ્સફોર્સ બાદ આલ્ફાબેટ છટણી કરશે. માનવામાં આવી રહ્યું છે કે કંપની પોતાના કુલ વર્કફોર્સના ૬ ટકા કર્મચારીઓને નોકરીમાંથી કાઢી શકે છે.

રિપોર્ટ પ્રમાણે ગૂગલ ખરાબ પરફોર્મંસ કરનાર કર્મચારીઓને ન્યૂ રેંકિંગ અને પરફોર્મંસ ઈમ્પ્રૂવમેન્ટ પ્લાન હેઠળ ૧૦ હજાર જેટલા કર્મચારીઓને બહાર કરી શકે છે. નવી પરફોર્મંસ મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા આગામી વર્ષની શરૂઆતમાં એવા કર્મચારીઓને બહાર કરવામાં આવશે જેનું પ્રદર્શન સારૂ રહ્યું નથી. મેનેજર આ કર્મચારીઓ માટે રેટિંગ્સનો ઉપયોગ કરી શકે છે, જેથી તેને બોનસ અને સ્ટોક ગ્રાન્ટ ન આપવી પડે. આ નવી સિસ્ટમ દ્વારા એવા ૬ ટકા એટલે કે ૧૦,૦૦૦ કર્મચારીઓને અલગ કેટેગરીમાં રાખવાનું કહેવામાં આવ્યું છે, જેનું પ્રદર્શન સારૂ રહ્યું નથી. આલ્ફાબેટમાં આશરે ૧,૮૭,૦૦૦ કર્મચારી કામ કરે છે. અમેરિકી સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમીશન (SEC) ફાઈલિંગ પ્રમાણે આલ્ફાબેટમાં કામ કરનાર કર્મચારીઓનો એવરેજ પગાર ૨,૯૫,૮૮૪ છે.

અમેરિકી અર્થવ્યવસ્થા પર સંકટ અને મંદીની આશંકાને કારણે ૨૦૨૨ના ત્રીજા ક્વાર્ટરમાં આલ્ફાબેટનો નફો ૨૭ ટકા ઘટી ૧૩.૯ અબજ ડોલર રહ્યો છે.

# ઈલોન મસ્કએ ટ્વિટર પર બ્લુ ટિક ફોર $8 પ્લાન બંધ કર્યો!

## કંપનીના શેર એક દિવસમાં ૪.૩૭ ટકા તૂટ્યા હતા. તેના કારણે એલી લિલીને લગભગ ૧.૨૦ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે

નવી દિલ્હી,તા.૨૨

ઈલોન મસ્કના ટ્વિટર ટેકઓવર પછીથી આ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સતત સમાચારમાં છે. ઈલોન મસ્કે જાહેરાત કરી કે ટ્વિટર વેરિફાઈડ એકાઉન્ટ માટે દર મહિને $8 ચૂકવવા પડશે. ટ્વિટરે આ જાહેરાત પછી જ ટ્વિટર બ્લુ ટિક આપવાનું શરૂ કરી દીધું હતું, પરંતુ નકલી બ્લુ ટિક એકાઉન્ટ્સની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને મસ્કે આ સુવિધા પર પ્રતિબંધ મૂક્યો હતો. હવે મસ્કે ટ્વિટરના બ્લુ ટિક વેરિફિકેશન પ્લાન વિશે મોટી માહિતી આપી છે. તેણે જણાવ્યું છે કે તે આ પ્લાનને ક્યારેક ફરીથી લૉન્ચ કરી શકે છે. ઘણા સમયથી લોકો ટ્વિટર પર ઈલોન મસ્કને તેના 'બ્લુ ટિક પ્લાન' વિશે પૂછી રહ્યા છે. હવે આ મામલે માહિતી આપતા ટ્વિટર ચીફે કહ્યું છે કે આગામી કેટલાક દિવસો માટે ટ્વિટરના બ્લુ ટિક પ્લાનને ફરીથી લોન્ચ કરવા પર પ્રતિબંધ લગાવવામાં આવી રહ્યો છે. જ્યાં સુધી કોઈ વ્યક્તિની યોગ્ય તપાસ નહીં થાય ત્યાં સુધી તેને ટ્વિટરની બ્લુ ટિક આપવામાં આવશે નહીં.




# ઈમરાન ખાને ફરીથી મોદી સરકાર વિરુદ્ધ ઝેર ઓક્યુ

## જમ્મુ કાશ્મીર પર ભારતનું વલણ મોટો રોડો રહેશે. આપણે આ મુદ્દે એક મજબૂત રોડમેપની જરૂર છે : ફરીથી ભારત વિશે આપેલા નિવેદનના કારણે ચર્ચામાં

નવી દિલ્હી, તા.૨૨

પાકિસ્તાનના પૂર્વ પ્રધાનમંત્રી ઈમરાન ખાન જયારથી સત્તામાંથી બેદખલ થયા છે ત્યારથી કોઈને કોઈ કારણસર મીડિયામાં ચર્ચામાં રહે છે. ક્યારેક તેઓ પોતાના પર લાગેલા ભ્રષ્ટાચારના આરોપોના કારણે તો ક્યારેક શાહબાજ શરીફ સરકાર પર આરોપ લગાવીને મીડિયામાં ચર્ચામાં રહે છે. અનેકવાર તેઓએ ભારતની વિદેશ નીતિના પણ વખાણ કર્યા છે. હવે એકવાર તેઓ ફરીથી ભારત વિશે આપેલા નિવેદનના કારણે ચર્ચામાં છે. પરંતુ આ વખતે તેમણે ભારતના વખાણ નહીં પરંતુ ભારત સાથેના સંબંધોને લઈને ભાજપની સરકાર પર કરેલી ટિપ્પણીના કારણે તેઓ ચર્ચામાં છે.

ઈમરાન ખાને એક ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે તેઓ ભારત સાથે સારા સંબંધ ઈચ્છે છે, તે પાકિસ્તાનની જરૂરિયાત છે. પરંતુ જ્યાં સુધી ભારતમાં ભારતીય જનતા પાર્ટી રહેશે ત્યાં સુધી તે શક્ય બનશે નહીં. બ્રિટિશ અખબાર ધ ટેલીગ્રાફને આપેલા ઈન્ટરવ્યુમાં ઈમરાન ખાને એવા આર્થિક લાભો ઉપર પણ વાત કરી જે બંને દેશો વચ્ચે સારા સંબંધો દ્વારા હાંસલ કરી શકાય છે. ઈમરાન ખાને જણાવ્યું કે બંને દેશોને તેનો મોટો ફાયદો થશે પરંતુ આ વચ્ચે જમ્મુ કાશ્મીર પર ભારતનું વલણ મોટો રોડો રહેશે. આપણે આ મુદ્દે એક મજબૂત રોડમેપની જરૂર છે.

